ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૧૭ ટકા

# એસ.ટી. ડેપો સામે દબાણ ટીમનો સપાટો





ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં દબાણકારો સામે દબાણ તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરાઈ છે. શહેરને દબાણ મુકત કરવાના અભિયાનમાં દબાણ કર્મચારીઓ તનતોડ મહેનત કરી રહ્યા છે. શહેરમાં લારી-ગલ્લાના દબાણકારોનો રાફડો ફાટ્યો છે. ત્યારે આજે શહેરના સે-૭ એસટી ડેપોની સામેની બાજુએ દબાણ ટીમે સપાટો બોલાવ્યો હતો. લારી-ગલ્લાના દબાણકારો સામે અચાનક આંખ લાલ કરવામાં આવતા વેપારીઓ પણ અચંબામાં પડી ગયા હતા. જયારે દબાણ ટીમે લારીગલ્લા સહિત નડતરરૂપ બોર્ડ પણ ઉખેડી નાંખ્યા હતા. જયારે દબાણટીમ કાફલા સાથે આવી જતા વેપારીઓમાં માલસામાન બચાવવા નાસભાગ મચી જવા પામી હતી. જયારે આગામી દિવસોમાં પણ શહેરના વિવિધ સેકટરોમાં દબાણ વિભાગની ઝુંબેશ ચાલુ રહેશે.

શહેરમાંથી દબાણનું નામોનિશાન મિટાવી દેવા માટે દબાણવિભાગ ફરિવાર કાર્યરત થઈ ગયું છે. તાજેતરમાં જ દબાણ વિભાગના ઓફિસર મહેશ મોડ દ્વારા તાજેતરમાં સેકટર-૨૪માં ગેરકાયદેસર ચાલતી મટન-ચિકનની દુકાનો બંધ કરાવી દીધી છે.જયારે ઘ-૫ થી એલડીઆરપી માર્ગ પરના લારી-ગલ્લા તેમજ ઝુંપડા સહિતના દબાણનો સફાયો કરી દીધો હતો. શહેરમાં દબાણનો પ્રશ્ન આવતા અધિકારીઓ પણ માંથા ખંજવાળે છે. રાત્રે ન વધતા દબાણો દિવસે વધી જાય છે. મુખ્ય માર્ગો તેમજ આંતરીક માર્ગો પર લારી ગલ્લાના દબાણો અતિશય થઈ જવા પામ્યા છે.ત્યારે મનપાની દબાણ ટીમના વડા મહેશ મોડના નેતૃત્વમાં શહેરના વિવિધ સેકટરોમાં લારી-ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો દુર કરવામાં આવી રહ્યા છે ત્યારે આજે સે-૭માં એસટી ડેપોની સામેથી ઘ-૩ સર્કલ સુધી લારીઓનો મોટો ખડકલો જોવા મળે છે. આ લારીઓની સાથે સાથે આ વિસ્તારમાંથી વિવિધ બોર્ડ બેનર તેમજ ડોકટરના સરનામા દર્શાવતા લોખંડના બોર્ડ પણ ઉખેડી લેવાયા હતા. દબાણ વિભાગની ટીમ અચાનક આવી જતા વેપારીઓ પોતાનો સામાન બચાવવા માટે મથામણ કરતા નજરે પડ્યા હતા. જયારે કોઈની પણ શેહશરમ રાખ્યા વિના દબાણ ટીમે વિવિધ લારીઓ તેમજ ઝુંપડા સહિતના દબાણ દુર કરી દીધા છે આગામી સમયમાં પણ દબાણ ટીમની આ ઝુંબેશ કાર્યરત રહેશે.

## @ગાંધીનગર

● પેથાપુર બંસરી બંગ્લોઝ પરિવાર દ્વારા ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ રાત્રે ૮.૩૦ કલાકે બંસરી બંગ્લોઝ કેશવ આર્કેડની પાછળ યોજાશે.

## વાતવાતમાં


● ઘ-૫ સર્કલે મનપાના દબાણતંત્રએ સપાટો બોલાવતા ભરબપોરે ખાણી પીણી તથા ફ્રુટની લારીઓના દબાણને હટાવાયું હતું તથા મુદ્દામાલ જપ્ત કરવાની કામગીરી હાથ ધરી હતી. આ મુદ્દામાલની જપ્તી દરમિયાન લારીઓવાળા શ્રમજીવીઓના બાળકોના ચપ્પલ સુધ્ધાં જપ્ત કરી લેવાતા આ બાળકોને ધોમધખતા તાપમાં ઉઘાડા પગે ફરવાનો વારો આવ્યો હતો. જેના પગલે સ્થળ પર એકઠી થયેલ મેદનીમાં દબાણતંત્રએ કાર્યવાહી દરમિયાન માનવતાનો અભિગમ દાખવવો જોઈએ તેવી ચર્ચાએ જોર પકડયું હતું.

## આજે ઉમિયા માતાના મંદિરે સ્વૈચ્છિક રકતદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના ગૂંજ ફાઉન્ડેશન દ્વારા સેકટર-૧૨માં ઉમિયા માતાજી મંદિરના હોલ ખાતે સવારે ૯ કલાકથી સાંજના ૪ કલાક સુધી સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ગૂંજ ફાઉન્ડેશનના યુવાનો દ્વારા ૧૦૧ બોટલ રકત એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે અત્યારે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં રકતની તંગી વર્તાઈ રહી છે એ બાબતને ધ્યાનમાં રાખીને ગૂંજ ફાઉન્ડેશન દ્વારા તેની વ્હોટસએપ બ્લડ બેંક સેવાને એક વર્ષ પુરું થવાના પ્રસંગે આ રકતદાન શિબિરનું આયોજન કર્યુ છે. આ સદકાર્યમાં વધુને વધુ નગરજનોને જોડાવા સંસ્થાના સંચાલકોએ આહવાન કર્યુ છે.

## હ્યુમન ફાઉન્ડેશન દ્વારા પક્ષી પરબોનું વિતરણ



ઉનાળાના ધોમધખતા તાપમાં નાના મોટા જળ સ્ત્રોતો સુકાઈ જતા અબોલ પક્ષીઓને પીવાના પાણીના ફાંફા થઈ જાય છે. કાળઝાળ ગરમીમાં અનેક પંખીઓ પાણી વિના ટળવળીને મૃત્યુ પામે છે. આ બાબતે અનુકંપા દાખવીને ગાંધીનગરના હ્યુમન ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે માટીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે પણ સે-૨૨ ખાતે હ્યુમન ફાઉન્ડેશન દ્વારા ૫૦૦ પાણીની પરબોનું વિના મૂલ્યે વિતરણ કરી અબોલ પંખીઓ પ્રત્યે જીવદયા દાખવવાનું સદકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

## અડાલજ પાસેથી વેપારીને લુંટી લેનાર નકલી પોલીસ ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર નજીક આવેલ અડાલજ -અંબાપુર માર્ગ પર ભુંસુ ભરીને જઈ રહેલી ટ્રકને રોકીને વેપારીને પોલીસ તરીકેની ઓળખ આપીને તમે આ ટ્રકમાં દારૂ ભર્યો છે અને દારૂની હેરાફેરી કરો છો તેમ કહી બે શખ્સો રૂ.૧૫૦૦ લઈને રફુચક્કર થઈ ગયા હતા. બનાવ અંગે વેપારીએ અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જેને પગલે પોલીસે નકલી પોલીસ બનેલા બે ઈસમોને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના રીદ્રોલ ગામના શૈલેષભાઈ કેશવભાઈ નાયક ઉવ.૪૩ ભુંસુ ખરીદીને વેચાણ કરે છે. ત્યારે શૈલેષભાઈ તાજેતરમાં ખેડા જિલ્લાના માતર ગામમાંથી ભુંસુ ખરીદીને ટ્રકમાં ભરીને છત્રાલ જીઆઈડીસી ખાલી કરવા જઈ રહ્યા હતા. ત્યારે અડાલજ-અંબાપુર માર્ગ પર બે અજાણ્યા શખ્સોએ ટ્રકને થોભાવી હતી અને પોલીસ તરીકેને ઓળખ આપીને વેપારીને તમે દારૂની ફેરાફેરી કરો છો. ટ્રકમાં દારૂ છે તેમ કહીને વેપારીના ખીસ્સામાંથી રૂ.૧૫૦૦ લઈને રફુચક્કર થઈ ગયા હતા. જેને પગલે વેપારી શૈલેષ નાયકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી હતી. જેમાં પોલીસને તપાસના અંતે બે નામ ખુલ્લા હતા. જેમાં અમદાવાદ વસ્ત્રાલ ઉમીયાનગર ખાતે રહેતો અનિકેત ગીરીશ શાહ અને બીજો શખ્સ દિપક દિલિપ બારોટ બારોટ વાસ વડગામ બનાસકાંઠાને ઝડપી પાડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સિધ્ધાર્થ લૉ કોલેજમાં ડૉ. આંબેડકર જન્મજયંતિની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સેકટર-૧૬ ખાતેની સિધ્ધાર્થ લૉ કોલેજમાં તા.૧૪મી એપ્રિલે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મજયંતિ ઉજવાઈ હતી. આ પ્રસંગે ડૉ. બાબાસાહેબ આંબોડકરની તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરવા સાથે તેમના જીવનના રોચક તથા પ્રેરણાત્મક પ્રસંગોને યાદ કરવામાં આવ્યા હતા. આ ઉજવણીમાં કોલેજના કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી એસઓજી પોલીસ



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના ડભોડા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલ આરોપી છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો હતો. જયારે આ અંગે એસઓજી પોલીસના હે.કો. રાજેશભાઈ ગણેશભાઈને બાતમી મળી હતી કે ડભોડા પોલીસ સ્ટેશનમાં પ્રોહિ.એ.કલમ ૬૬બી, ૬૫એઈ, ૧૧૬બી,૮૧ મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપી ચિલોડા આવવાનો છે. જેને પગલે એસઓજી પીએસઆઈ ડી.ડી.પરમાર, એલ.એસ.ચૌધરી તેમજ પો.કો. લાલુમીંયા ઉસ્માનમીયા, પ્રદિપસિંહ, ધીરેન્દ્રસિંહ, હિંમતસિંહ ગજેન્દ્રસિંહ વોચમાં હતા ત્યારે ગત રોજ રાત્રીના પોણાબાર વાગ્યાના સુમારે ચિલોડા સર્કલ પાસેથી રાકેશસિંહ ઉર્ફે રોકી ભુપેન્દ્રસિંહ ઝાલા રહે. સદાતપુરા, તા. ઈડર, જી-સાબરકાંઠા વાળાની એસઓજી પોલીસે અટક કરીને કાયદેસરની કાર્યવાહી કરી ડભોડા પોલીસને હવાલે કરી દીધો છે.

## સોનીપુરની પરિણિતાનું દાઝી જતાં મોત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર પાસે આવેલ સોનીપુર ગામના કિશનજી જીવણજી ઠાકોરના પત્ની કિંજલબેન આજે સવારે ઘરમાં કામ કરતા હતા.તે સમય દરમિયાન અચાનક સાડા આઠ વાગ્યાના અરસામાં શરીરે દાઝી જતા હોહામચી ગઈ હતી. આસપાસ રહેતા ગ્રામજનો પણ મદદે દોડી આવ્યા હતા. પરિણિતાને તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવી હતી. પરંતુ શરીરે ગંભીર રીતે દાઝી ગયા હોવાથી સારવાર દરમ્યાન કિંજલબેનનું મૃત્યું થયું હતું. બનાવ અંગે પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**હસમુખ મેકવાન**
અભિનેતા, નાટ્યકાર

**ગાંધીનગર ગમે**

ન માત્ર સુઆયોજન, કુદરતી-માનવસર્જિત સુંદરતા માટે પરંતુ મજાના લોકો અને મજાની જિંદગી માટેય ગાંધીનગર શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**

જિંદગીને ભરપૂર જીવતા અને માનવ શબ્દના અર્થને સાકાર કરતા કલા, સંસ્કૃતિ ને સેવાપ્રેમી નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સાંસ્કૃતિક અને સેવા પ્રવૃત્તિ કરતી અનેક સંસ્થાઓ ગમે છે. જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન કાઉન્સિલ, આત્મન ફાઉન્ડેશન, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, જી ઈ કલબ અને કૅથોલિક ચર્ચની અનેકવિધ પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

જાહેર સ્વચ્છતા બાબતે અને દિન-પ્રતિદિન વધી રહેલી ઝૂંપડપટ્ટી માટે નક્કર પ્રયાસો હાથ ધરાય તે જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**

સાંસ્કૃતિક વારસાના જતન માટે પ્રયાસરત છું અને રહીશ.

## હોસ્પિટલમાં સોનોગ્રાફીનું નવું મશીન આવશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અત્યારે હાલના સમયે સોનોગ્રાફી કરાવવા માટે આવતા દર્દીઓને લાંબા દિવસો સુધી રાહ જોવી પડે છે. દુર દુરથી આવતા દર્દીઓનો સોનોગ્રાફી ટેસ્ટ ના થતા દર્દીઓ ભારે મુસીબતમાં મુકાય છે. ત્યારે આ દર્દીઓની વ્યથા ઓછી થાય તે માટે હોસ્પિટલ તંત્ર નવું અધ્યતન સોનોગ્રાફી મશીન ખરીદવાની હિલચાલ ચાલી રહી છે. આગામી સમયમાં નવું સોનોગ્રાફી મશીન હોસ્પિટલ સંકુલમાં આવશે જેથી દિવસો સોનોગ્રાફી માટે રાહ જોતા દર્દીઓને લાભ થશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ૬૦૦ બેડની અતિ આધુનિક બનાવાઈ છે. તાવના દર્દીથી લઈ ડાયાલિસીસના દર્દીઓ સારવાર માટે હોસ્પિટલ સંકુલમાં આવે છે. વિવિધ રોગના હજજારો દર્દીઓથી આવતા હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. દર્દથી કણસી રહેલા દર્દીઓ સારવાર મળતા સાજા થઈને હસતા ચહેરે જાય છે. ત્યારે ગાંધીનગર જિલ્લા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટીમાત્રામાં દર્દીઓ ગાંધીનગર હોસ્પિટલ ખાતે આવે છે. આ હોસ્પિટલ તેઓના માટે આશિર્વાદરુપ સાબિત થઈ રહી છે. ત્યારે પેટને લગતી બિમારીના દર્દીઓ માટે ડોકટર દ્વારા સોનોગ્રાફી કરાવાય છે તેમજ સગર્ભા મહિલાઓને પણ સોનોગ્રાફી જરુરી હોવાથી કરાવાય છે. હોસ્પિટલમાં સોનોગ્રાફી માટે સવારથી જ દર્દીઓની લાંબી કતારો લાગી જાય છે. હોસ્પિટલમાં સોનોગ્રાફી માટેના ચાર મશીનો છે પરંતુ મેન પાવર ન હોવાથી વધુ દર્દીઓનો સોનોગ્રાફી ટેસ્ટ થઈ શકતો નથી. જેને પગલે દર્દીઓને લાંબા દિવસો બાદની તારીખો તંત્ર દ્વારા ફાળવવામાં આવે છે. ત્યારે અત્યારે હાલના સમયે સોનોગ્રાફી માટે રોજના ૭૦ થી વધુ દર્દીઓ હોય છે.ત્યારે આટલા બધા દર્દીઓને એક જ દિવસમાં ટેસ્ટ કરવો મુશ્કેલ બની જાય છે. જેથી દર્દીઓને તારીખો ફાળવામાં આવે છે. પરંતુ હોસ્પિટલમાં હાઈટેક સોનોગ્રાફી મશીન ખરીદી કરવા માટે વિચારણા ચાલી રહી છે. જેમાં અધ્યતન મશીન સંકુલમાં આવે તો વધુમાં વધુ દર્દીઓને લાભ થાય અને દર્દથી કણસી રહેલા દર્દીઓની સોનોગ્રાફી ટેસ્ટ ઝડપી અને સરળ બને તે માટે તંત્ર દ્વારા તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે આગામી સમયમાં તંત્ર દ્વારા સોનોગ્રાફીની સાથે સાથે મેન પાવર પણ ઉમેરવામાં આવે તેવી દર્દીઓની માંગ છે.

## સિનેમાટોગ્રાફી વર્કશોપમાં શહેરના ફોટોગ્રાફર્સ-વિડીયોગ્રાફર્સ ઉમટયા




ગાંધીનગર, તા.૧૭

ફોટોગ્રાફર એસોસિએશન ઓફ ગાંધીનગર દ્વારા આજે સેકટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે સિનેમાટોગ્રાફી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં જાણીતા ફેકલ્ટી દિપક વાઘેલા દ્વારા ફોટોગ્રાફર્સ તથા વિડીયોગ્રાફર્સને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

શહેરમાં ફોટોગ્રાફી ક્ષેત્રે રસ ધરાવતા શોખીનો તથા પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ માટે પીએજી દ્વારા એક દિવસીય માર્ગદર્શન વર્કશોપ યોજવામાં આવ્યો હતો. સવારે ૯ કલાકે પ્રારંભ થયેલા આ વર્કશોપમાં શહેરના એકસોથી વધુ ફોટોગ્રાફર્સે ઉપસ્થિત રહી સિનેમાટોગ્રાફી વિષયે તલસ્પર્શી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. વર્કશોપમાં નિષ્ણાંત ફેકલ્ટી દિપક વાઘેલાએ ફોટોગ્રાફી ક્ષેત્રે સિનેમાટોગ્રાફીની કળા તથા તેની ટેકનિક અંગે તલસ્પર્શી માર્ગદર્શન પુરું પાડયું હતું. તેમણે વિડીયોગ્રાફર્સ તથા ફોટોગ્રાફર્સના સવાલોના જવાબો આપીને તેમની શંકાઓ કે સમસ્યાનું સમાધાન પણ કર્યું હતું. આ પ્રસંગે ફોટોગ્રાફર્સ એસોસિએશનના પ્રમુખ પ્રવિણ ઠકકર, ઉપપ્રમુખ અજયભાઈ પટેલ, મંત્રી રૂપસિંહ રાજ સહિત અન્ય હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. હોલમાં ઉપસ્થિત એકસોથી વધુ ફોટોગ્રાફર્સ તથા વિડીયોગ્રાફર્સે વર્કશોપને ખૂબ ઉપયોગી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

# બ્રહ્મસમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત તથા લગ્નોત્સવ રવિવારે

**યુવક સેવા-સાંસ્કૃતિક મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ઉપસ્થિત રહેશે : ૩૬ બટુકોને યજ્ઞોપવિત તથા ૧૩ યુગલો લગ્નગ્રંથીથી જોડાશે**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આગામી તા. ૨૩મી એપ્રિલ રવિવારે સેકટર-૧૬માં સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન ખાતે સમૂહલગ્નોત્સવ તથા સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે યોજાનારા સત્કાર સમારંભમાં અધ્યક્ષપદે રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી તથા મુખ્ય મહેમાન પદે ગુડાના ચેરમેન આશિષભાઈ દવે ઉપસ્થિત રહેશે. સમૂહ યજ્ઞોપવિત સંસ્કારમાં ૩ બટુકો યજ્ઞોપવિત ધારણ કરશે જયારે સમૂહ લગ્નોત્સવમાં ૧૩ યુગલો લગ્નગ્રંથીથી જોડાશે.

સત્કાર સમારંભમાં અતિથિ વિશેષપદે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી, મારૂતિ કુરિયર સર્વિસીઝના રામભાઈ મોકરીયા, દક્ષિણ ગુજરાતના રાજગોર બ્રહ્મસમાજના અધ્યક્ષ અનિલભાઈ બગદાણા, હિંમતનગર સિનિયર સીટીઝન એસોસિએશન તથા કેળવણી મંડળના પિયુષકુમાર દવે, કોર્પોરેટર્સ પ્રવિણાબેન વોરા, નિલાબેન શુકલ, હિરલબેન જોષી, બરખાબેન જહા, પ્રિતિબેન દવે ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ગોંડલની ભુવનેશ્વરી પીઠના આચાર્ય ઘનશ્યામજી મહારાજ તથા ગૌ સેવા આયોગના ઉપાધ્યક્ષ ચૈતન્ય શંભુ મહારાજ આર્શીવચન પાઠવશે.

સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર તથા સમૂહ લગ્નોત્સવના સમાપન પ્રસંગે યોજાનારા સત્કાર સમારંભમાં પૂર્વ ડીજી એન્ડ આઈજી ઓફ પોલીસ પી.પી. પાંડેય સમારંભના અધ્યક્ષપદે તથા મુખ્ય મહેમાન પદે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશિત વ્યાસ અને મહિલા બ્રહ્મ અગ્રણી અર્ચના દવે ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે અતિથિવિશેષ પદે વિક્રાંત પુરોહિત, જાગૃતિબેન પુરોહિત, સી.એલ. મહેતા, અશ્વિનભાઈ ત્રિવેદી, યજ્ઞેશ દવે, મહેન્દ્ર રાવલ, ડૉ. મનિષ રાજગુરુ, નિતિનભાઈ ત્રિવેદી, સમીરભાઈ ત્રિવેદી તથા ગિરીશભાઈ રાવલ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે અંબાજીના ચુંદડીવાળા માતાજી આર્શીવચન પાઠવશે. આ પ્રસંગે તા.૨૧મી એપ્રિલે સાંજે ૭ કલાકે મહેંદી રસમ તથા સંગીત સંધ્યા અને તા. ૨૨મી એપ્રિલે સાંજે ૭.૩૦ કલાકે રાસ ગરબા યોજાશે.